** ગાયનરૂપી **

विक्रम स्त्री चरित्र नाटक.

२३८५ (ઓપેરા)

છપાવિ પ્રસિદ્ધ કરનાર

बु. महादेव रामचंद्र

अमदावादमां

ત્રણ દરવાજા નજીક સ, છ. ના મકાનમાં

શા. સત્યોદય પ્રેસમાં

મગનલાલ મનસુખરામે છાપ્યુ

સવત ૧૯૪૨ સન ૧૮૮૫

કિંમત બે આના

विक्रम स्त्री चरित्र नाटक.

(ઓપેરા)

प्रवेस्य १ लो.

સ્થળ. ઊજેણ નગરી, વીક્રમની કચેરી

ઇશ્વરપ્રાર્થના. ચતુરાતું ત્રાડસ ધેરીરે એ રાગ

હરી આ અરજ હમારીરે, લેજો ઉરમાંહે ધારીરે;
દયાસાગર દીનબંધુરે, અતુલ બળ કરૂણા સીંધુરે.
ચરણ તુજ લેવું ઉર ધારારે. હરીઆ૦ ટેક
હરી સચરાચર વાશીરે, જગતપતી રૂપગુણ રાસીરે.
ગહન ગુણ તારા ભારીરે, હરીઆઅરજ૦ ૧
પુરૂસ્યોતમ બહુ નામીરે. વીશ્વંભર વીશ્વના સ્વામીરે;
તુજ ગુણ દીસે ભારીરે. હરીઆઅરજ૦ ૨
અવગુણ જોસ્યો હમારારે, તમો પીતુમાતછો પ્યારારે;
ઉગારજો નીજ પદ ધારીરે. હરીઆ૦ ૩

प्रवेस्य २ जो.

સ્થળ વિક્રમની કચેરી.

પાત્ર.

વીક્રમ, ચરીત્ર. પ્રધાન. સીપાઇઓ વગેરે રાજસભા.

કુબજયાને જયાદુ ડારા એ રાગ

રાજા-સુણો આજ સભાજનો, હું પુછું એક વચનરે સુણો.
ચરીત્ર કરે જે નરનેનારી, તે પુછું આનંદરે. સુ૦
મોટું ચરીત્ર હસે કેનું, એ સંકયા મુજ મનરે, સુ૦
ચરત્રે વધે કહો નરકે નારી, નક્કીકરો આનંદરે. સુ૦
પડો ફેરવો પુરમાંહે ભાઈ, કોણ છતે મુજ મનરે સુ૦
(એમ રાજાએ કહ્યું કે નગર માંહે પડો ફેરવજો એ
સીપાઈ નગરમાં પડે ફેરવે છે.)

પ્રવેશ્ય ૩ જો.

સ્થળ ઉજેણીનો બજાર તેમાં શેઠનો મેહેલ

પાત્ર.

દીકરી રૂપકુવરી. શીપાઇયો

નગરપડો ફરતો ફરતો તેના મેહેલની પાછલી બારી જે રસ્તા ઉપર રાજમારગમાં પડે છે. ત્યાં પેલી બાઇ બેઠીછે તે સાંભળે છે.

રાજા હું મેં કામકા એ રાગ,

શીપા—નરનારી બંને તણું ચરીત્ર કહાવે સાર;
પણ વધે કોણ એઉ જણમાં ઉત્તર દો આ વાર;
જે જાણે તે નવ કહેતો, બ્રહ્મ હત્યાદીક પાપ.
રાજ વચનથી નીકળાછુ, કહેવાને અમો આપ;

(એવું સાંભળી કુંવરી કહે છે.)

રૂપકુવ-જાકે તારા રાયને, જે નર થકી સુ થાય;
ચરીત્ર કરે જે કામની તે કોણે નવ કળાય.

(એવું સાંભળી શીપાઈયો પાછા વળ્યા.)

પ્રવેશ ૪ થો.

સ્થળ વીક્રમ સભા.

પાત્ર નીચે મુજબ.

રાજા વીક્રમ ચરીત્ર પ્રધાન તથા મેહેતા શીપાઇયો વીગેરે કચેરીમાં બેઠા છે એટલે શીપાઇ કહે છે.

શુનરે કાલે દેરરે એ રાગ.

શી-સુનીએ અર્જ ઇસબખ્તમેં તુમ ખાવંન ધરકે ધ્યાન
નગર સારામે ફીરા- ઔર દેખ્યા એક મકામ;
તારીફ ક્યા કરૂ ઉસકી મેં બડે ગોખ ઔર માલ.
વાંસે બોલી ગર્વસે ઓ બનીયા કેરી બાલ;
ક્યા કહુ મેં મુખસેં, જબા ચલે નહીં રાજ.

ચોરત કામ કરે કભી, સો નરસે હોય ના આજ;
સુનકે હંમ પીછે વલે રુબ આએ અપને પાસ.
લડકી બેઠીથી વો ધનોપસાકે અવાસ,
રાજા-જાને તુ વેગે કરીને, તેના તાતની પાસ;
તેડી લાવ્ય વેગે કરી, તો પોંચે મનની આશ.
એટલે શીપાઇ જઇને શેઠને તડી આવે છે એટલે શેઠ ને રાજા પુછે છે.

રાગ ઉપર પ્રમાણે.

રાજા-સુણો શેઠ આણે સમે, વચન હમારૂ એક;
પુત્રી તમારી દીજીએ હુ માગુ ધરીને ટેક.
લગ્ન કરો શુભ રીતથી, ને તેડો નગરના સેઠ;
દુભે જો કોઇ જનતો તેને પોકાડીસ હેઠ.
ચરીત્ર કુંવર માહરો, તે પરણાવો આ વાર;
જાવો તમે ઉતાવળા કરો લગ્ન તણો નીરધાર.
શેઠ-એ શુ બોલ્યા ડાથજી, તમો મારી સાથ વચન;
ખત્રી જાટય માયડી પ્રજા અમે મોટા માઝન;
મડવું પડે માયડેને ટજે મુજને નાટ.
ધડમરાજા ઠઇને એ શું બોલ્યો વાટ.
રાજા-સુણો શેઠ આણે સમે તમો નવ કરશો પંચ્યાત
નહીં આપો જો દીકરી તો લેઇશ હુ મારી જાત્ય
તેથી પુછો ને તમો એ બાઇને સર્વે પેર;
કેહેજો મુખથી એટલુ જે વરસો કોને ઘેર,
તે કહે તે હુ કરૂ નવ કરૂ અધરમ કામ;
દુભાવુ નહીં કોઇને છે વીક્રમ મારૂ નામ.

પ્રવેશ ૫ સ્થળ ધનો ત્યાંમનો મેહેલ.

પાત્ર.

ધનો કૃત્યંમ, રૂપકુંવરી, સુમતી, સટરલી, ગડબડ, સડપલી માહાબુદ્ધી.

શેઠ ઘરમાં આવી એકલો રડેછે પછે સરવે ભેગુ થાય છે

ધરતી દેજો મરવા કેરો માગરે એ રાગ.

બાડે આ શું થયું વીપડીત કામડે; હવે હમો કેમ કરીએ

કેમ્યા ડાજા વઢીને ભ્યામડે, વીસ ખાઇ મડીએ.
કુત્તડી માડી કાંઇ ના સમજી; ખોડી આગહુ વચનડે;
ટેસાચુ માની કુવડી ફેરૂ માગુકડે ડાજનરે. હવે હમેો૰

એટલે શુગતી તથા તેની દસી સડપલી અને મીયાં સટરલી ત્યાં આવ્યા ત્યારે

રાગ ઉપર પ્રમાણે

સુમ-કેમ રૂવોછો મારા સમરે, બડયું તમે બોલોને;
નથીપડી મુને કાંઈ ગમરે; બડયુ તમે બોલોને,
મારા સમ સાચુ કો સ્વામી; ઉદશી કેમ આજરે,
સાકારણ રડવું પડેછે સાચુ કહોને રાજય. બડયુ૰

શેઠ-રાજા આપણી રૂપકુવરીને પોતાના છોકરા સથે માગુ કરે છે ! તનું શું કરવું ? તે સામળી સુમતી (તેની બાયડી) કહે આપણી ન્યાતના શેઠીયા પટેલીયાને પુછીગે તે સાંભળી શેઠ પોતાની નાતના આગેવાનોને બોલાવવા સીપાઇને મોકલેછે ને તે તેડીલાવે છે ને તેઓ આવીને કુંવરીની મરજી મુજબ વરતવાને પરવાનગી આપે છે ને વિદાય થાય છે.

એવું રાજાને કેહેજો એટલે ગોર કેહેવા જાય છે એટલે રાજા જાન લેઇને આવે છે.

પ્રવેશ ૬ ઠો.

સ્થળ ધનોપચંદનો મેપેલ

ધનોપચંદનો મેહેલ, લગન મંડપ, માયરૂ.

પાત્ર.

વર–વીક્રમનો કુંવર, વીક્રમ-ઉજેણનો રાજા, પ્રધાન-વીક્રમનો, શેઠ-માઝા વિગેરે, વર કન્યા-જાનડીઓ જાનીયા, ગોર--ગડબડ

વરને પોંખીને માયરામાં પધરાવે છે. જાનડીયો ગીત ગાયછેઅરાગણ ફેરા ફેરવે છે નેરશ્લોક બોલે છે.

ગોર હવી પેલાં વરવડાંયાને કેહે છે કે ઉઠે ડફોળો ફેગ ફરોને બેશી કેમ રહયાછો થાક લાગ્યો છે કે શું !

એવું સાંભળી પ્રધાન કેહે છે માહારાજ શું બોલો છો; કાંઇ મદ ચડયો છે કે શું?

માહારાજ-હેવે હેવે મદ લાવોને કેટલી વાર થઇ તોએ લાવતા નથી.

પ્રધાન-આહુ શું બોલોછો આવું બેહેકયાછો કે શું.

ગોર-એ એકાતો જોઇશેજ તો હવે કાંઇ મને પછે વાર છે.

પરણાવી જાનને વિદાય કરે છે રાજા કન્યાને તેડી જાય છે ઘેર જઈ એક કોટડીમાં પુરે છે.

अंक २ जो. प्रवेश १ लो.

સ્થળ વીક્રમનો મેહેલ

પા.

દાશી--રૂપકુંવરીને જાળીએથી ખાવાનું આપનાર.

કોટડીમાં રૂપકુંવરીને પુરી બારણું બંધ કરયું.

વીક્રમકુંવરને પરદેશ મોકલે છે.

રાગ ઇંદર સભાનો.

વી-સુણરે મારા દીકરા તું વચન કહુ તે આજ;
અલખ નગરમાં પરવરો સચવો આપણું રાજ.
કામ કાજ ચલાવજો સહુ રાજ રીતથી ત્યાંહાંય.
કામ પડશે ગાદરે તો તેડાવીશ હું આંહે.
(એટલે કુવર દેશ સાચવવા ગયો.)

प्रवेश २ जो.

હવે રૂપકુંવરી ખાવા આપવા આપનારને કેહે છે.

રાગ ઓખાહરણનો.

તું તો સાંભળ દાશી વચન માને માહરા જીવનીજીવન;
જો વચન રાખે ઉર માંહે, બાઈ બોલ કહુ હું આંહે.

મારૂ કામ જે દુખ રૂપી ઝાડ, તેહનું ચાંની શતારો પાડ;
દા-આઇ કાહો તે ન કરૂં હું કામ, તો રૂઠે મુજને શ્રીરામ
રૂ-તુને નમુ કરી પ્રણામ, મુજ માતને લાવ્ય આ ઠામ;
મુને વીયોગ વહની સમાય, કરીએ વાતો દીકરીને માય.
(તેની માને દાશી બોલાવી ત્યારે માને દીકરી કહે છે.

(રાગ કાલીંગડો.)

સુણોરે મારી માતા દુખ ઉર ભારી,
અરે રાયે કાંઇ નાં વાત વીચારી. સુણોને.
વજ્ર કોટડીમાં પુરી મુજને મળે ન નાઠાબારી,
આ દુઃખમાંથી કઢાવે એવું કેઈ નથીરે તુજ ટાળી સુ૦
તુજ મેહેલથી સુરંગ ખોદાવી દે મુજ પાસે બારી,
મુજ સાટે મુકય આ સ્થાનકે બેન નાંના જે મારી સુ૦
એકવાર છોડાવે મુજને તો જાણું તુને ઉપકારી,
હારય મનાવું રાજકુંવરને લઉ રાજ લક્ષ્મી સારી સુ૦
મા-રડે છે શાને માટે દુખ મન લાવી,
થોડા દીવસમાં લેઈશ બોલાવી. રડે છે શાને માટે
તેં કહ્યું તે કારજ કરવું મુજ મન વાત એ ભાવી,
લાડકવાઈ તુજ દુખ દેખાં દયા ઘણી મુને આવી. રડે૦

(તેની માએ સુરંગ ખોદાવી તેમાંથી રૂપકુંવરીને કાઢી લેઇ તેની બેનને ત્યાં મુકીએ રૂપકુંવરી અલખનગરના વીશે મઈયારીના વેશે જશે)

પ્રવેશ ૩ જો.

સ્થળ. અલખ નગરના બજારનો દેખાવ

પાત્ર

ગોવાલણ રાજા પ્રધાન સીપાઈયો વિગરે.

રૂપકુંવરી ગોવાલનનો વેશ લેઇને બજારમાં આવે છે તેનો સંવાદ.

રાગ ઇંદરસભા.

સીપાઇ- હે મઇયારા સુણ લે તું કેહેદે મઇકા મુલ,

દામ થાયજે ઉસકા સબ કરલો તુમ વસુલ.

મહીયારી-અકતે ગે કયા મુખસે કયા દેગે મહીકા મુલ,

ગહી ચખો હો માહરા તો જીનગી હોયગી ધુલ.

પ્રધાન કેહે છે--રાગ ઈંદરસભા.

સુણ ગોવાલન જે કહું તેનો દયો જવાબ,
સોનાઘડે દુધ એચવુ તે કારણ કોને આપ.
કોણ દેશથી આવીયાં ને શું તમારૂ નામ,

કોણ તણાં છો દીકરી ને જાવું કોણે ઠામ.
શા ભાવુ તમે વેચીયુ છે મહી જે આણે ઠામ.
મુલ કહીને તેહનું તમો લ્યો ગણીને દામ.

(એવું વચન સાંભળી મઈયારી આડુ જુવે છે ત્યારે પ્રધાન કેહે છે)

પ્રધાન- ઉતર કેમ દેતા નથી સુણો ગોવાલણ,
મુલ લેઈ મહી લીજીએ તો થાય રૂડુ કાજ.

અરે કોન હે તુ તેરા એરાગ.

મહીયારી- અરે નાં બોલો રાજ સાથે વચન,
સુણી મુલ મહીનું ઉતરશેજ મન.
લેશે મહી મારૂ કો રાજ કુમાર,
હશે એમને ઠામ ગરથ અપાર.
નહીં તો ન ચાખે અવર કોઇ જન,
પુછયું જો તમે તો કહ્યું મે વચન.

પ્રધાન છાનો રહયો.

રાજા-કહી દે મહીનું મુલરે વેલી કહી દે મહીનું મુલ.
જો ખાતી ભુલયરે વ્હેલી કહી દે મહીનું મુલ.
નગર મારે આવીનેરે તું બેઠી મધ્ય બજાર,
તે કારણ મહી લેવા માટે આવ્યો છું આ ઠારરે વે.

ગોવાલણ-મુકો મનની માંગરે રાજા મુકો મનની મામ.
હારી જાશો હામરે લેતાં હારી જાશો હામ.
છાંટો ચાખવું સેહેજ નથી છે અમુલ્ય મારૂ મહી;
જાઓ પાછા ઘેર આપનેરે શીદ ભારમમાયે અહી. રા.

રાજા- હું કુંવર વિક્રમનોરે તું સુણ્ય મહીયારી વાણ,
પાછો જાવું મુખ બોલીને તો થાય યશનો હાણરે. વે.
મહીયારી-સાંભળ આખા ભવ વિશે,
કાંઇ જાણે એકજ બાળ;
તે રીતે વેણ નીકળ્યું બીજું,
હોય ન ત્રણુ કાળ રાજા ૪
રાજા-મુલ કહે જે મુખ થકી તું ના આપે આણી હાર,
ઇરા આણુ છે મુજને લે વચન કર મોઝારરે વે૦ ૫
એમ કરી રાજાએ વચન આપ્યુ
મહીયારી-દેશ દદાંમાં પાલખીરે, કાંઇ હોય ગરથ અપાર;
લખી આપોને ગમે આ સ્થળે,
તો હું પોચાડું મહીદવારરે રાજા ૬
રાજાએ લખત કરી આપ્યું. અને મહીયારણ મહી લેઇ રાજાને મોહોલે ગઈ.

પ્રવેશ ૪થો.

સ્થળ ચરીત્રનો મેહેલ

પાત્ર

ચરીત્ર મહીયારી વેશે

રાતરે રાજા અને મહીયારી રંગ મેહેલમાં ગયાં ત્યાં રાજાને કામ ભાવી હરીને તેનો રૂમાલ હાથની વીટી અને એક કટાર તે લેઇને સવારે રસ્તે પડી રાજા જાગ્યો ત્યારે તેને દીઠી નહી તેથી ઉદાશીમાં ગાયન કરે છે.

સરપે-આંખેપે. એ રાગ

રાજા- અરે હો પ્રાણ પ્યારી પ્રીય મારી કયાં ગઈ;
હતી પાસ મારી આજ ઉભી કયાં રહી.. ૧
બોલય બોલય મારા સમ છે તુંને સહી;
તારે રૂપે મરૂં મન વીંધ્યું છે અહીં, ૨
તારી વાણીનો વીલાસ મુને સાંભરે હ,

આરી અરથતું અમરીન મુને પાખરે ૩
ઓરે એસેજ આ સુતી છે કેમ બાહરી;
ક્યાં ગઇ પ્રીય ગાની ચીત મારને હરી, ૪
તારૂં શરીર સુગડ અતી મુને ભાસતું,
તુજને જોઇને બહુ મન મારૂં રાચતું. ૫
નથી બોલ્યો હું કાંઇ રાતમાં તુને અહીં,
તારી મરજી પ્રમાણે રહ્યો હતો સહી ૬
કેહે રીસ કાંઇ ચડી છે પ્યારી તુજને;
સાચું કેહે મારા સમ છે આવી મુજને. ૭
નહીં તો પ્રાણ જાશે મારે તલખી ખરે
મળીને વેગે આવી આજ મારૂં મન ઠરે ૮
અરે પ્રાણ પ્યારી નારી મારી ક્યાં ગઇ,
આજ આવીને મુને દેને ધીર આજ અહીં. ૯
મુને તુજ વીના રેહેવાતુ નથી સુંદરી,
આજ કેમ ગઇ પ્રાણ મારાને હરી. ૧૦
હવે શું કરૂં આ ઠામ તું વીના અહીં,
કહું શું મુખે મારો પ્રાણતો જશે સહી. ૧૧
રહું હું દાસ થઇને તારો સદા સુંદરી,
મળ એક વાર પાછી મુજને તું દયા કરી. ૧૨
એમ વિલાપ કરે છે   પડદો પડે છે.

પ્રવેશ ૯ મો.

સ્થળ ઉજણી નગરીમાં મેહેલ

પાત્ર

રૂપકુંવરી રૂમતી માતાને કેહે છે

ગતી હુ ઓર નાચ સદા કામહે મારા એ રામ

કુંવરી- માત કામ કરી આવું હું તો આજ આંહીં,
વાત છાની રાખજે જેમ જાણે નહીં કેઈ.
બાળ મારે થાય જ્યારે ખબર લેજે તું,
કોટડી છે માહરી ત્યાં જઇશ હવે હું.

એમ કહી પોતે કોટડીમાં ગઇ ને નવ માસ પુરા થએ પુત્ર જન્મો રાજકુંવર પણ પોતાને ઘેર પીતાની પાસે આવ્યો છે. પેલો કુંવર ત્રણ વરસનો થયો કે આંને મનમાં વિચાર કરયો જે હવે મારે એક બીજો પુત્ર ઉતપન કરવો તેથી પોતે જોગણનો વેશ લેઇ જાય છે પોતાની માતાને કેહે છે.

ઓધવ નંદનો છોરો તે નમેરો થયો જો. એ રાગ

રૂપકુંવરી-કો કામ મારી માત કહું એટલું જો,
તો હું લાવું દ્રવ્ય આ ઠામ કહો તેટલું જો ક૦ ૧
ધરૂં વેશ હું જોગીનો માતા આ સ્થળે જો,
છળું કુંવર એ રાજાનો હું બુધી બળે જો ક૦ ૨
એક મડદુ કરીને લાવજો મસાણમાં જો,
કરીસ જીવતું હું બાળ ત્યાં સમશાનમાં જો ક૦ ૩
માતા-બેટા કરજે સુખે કામ હામ મન ધરી જો,
હું તો લાવીશ ત્યાં મડદુ બનાવટ કરીજો. બેટા૦ ૪

એમ કરી રૂપકુવરી પોતે અબધુતાણીનો વેશ લે છે અને પોતાની સંગાથે ચેલા વીગરે રાખી નીકળે છે.

પ્રવેશ ૬.

સ્થળ ઉજેણીના બજારનો ચોક

પાત્ર.

જોગણ   મડદુ   ચરીત્ર

પેલા લોકો મડદુ લેઈને રોતા રોતા જાય છે કે ચેલા ને યોગણ કેહે

સુનરે કાલે દેવરે એ રાગ

યોગણ- સુન એ ચેલા બાતકી કયાં હોતા હે બકોર,
કલેસસ કરકે જાતા હે ઉનકો લાને આ ઠોર.

ચેલો આવીને પેલા મડદાવાળાને કેહે છે.

સુનલો માહાજનબાત મારી અમો ગુરૂકી પાસ
એ સામનસેં જાનના અબ દુખ હુવા સબ નાસ
રડતે હો કીસ બાસતે તુમ કહેદો હમકુ બાત,
ગુરૂ હમેરા ઇસ બખતે દુખ દેગા નીચાત. ૨
સજીવન વિદયાને વિશે હે ગુરૂજી બોત હુસીયાર,
જીતા કરદેગા અબી તુમ હસ્તે જાઓ ઘરબાર.

એમ કહીને તે પોતાના ગુરૂની પાસે લાવે છે. ત્યાં પેલી રૂપકુંવરી જોગણ છે તે પોતે વિભુતી લેઇને તેનાપર મંત્રીને નાખે છે કે તે છોકરો જીવતો થઈને ઉઠે છે તેથી તે જોગણીને શેઠ લોકો તો પગેજ લાગે છે ને પછી તો ત્યાં ઘણા લોકો આવ્યા કરે છે. પણ પેલા જોગણ કોઇથી બાશણ સરખું પણ કરતી નથી છેવટે બોલે છે અબે અબકલ યાંસે જાના હે ઉસ બાસતે હે ચે

લે તુંમ સમેરને કડકે રતન શેના કરકે ત્યાર હોના. ચેલા કેહે છે; અચ્છા. ગુરૂ જી એટલામાં વિક્રમનો કુંવર ત્યાં આવીને કેહે છે.

ચરીત્ર-નમો નારાયણ એમ કરી બેસે છે ત્યારે જોગણ બોલે છે આવો તુમ કોન હો! યહાં આનેકા ક્યા કામ હે.

ચરીત્ર-હમે તો રાજકુંવર હું આપકે દરશન કરનેકે કારણ આયા હું.

જોગન-એસા તગનો બેઠો થોડીવાર પછી હાથ જોડીને ચરીત્ર કેહે છે મહારાજ હમને એક બાત સુના હે જો કૃપા કરકે હમકો દાન દયો તો જોગન કેહે છે કોન બાત સુના હે જો કેહેના હો સો કહે દયો તો.

ચરીત્ર-મહારાજ આપકી પાસ સજીવન વિદ્યા હે સો હમકુ કૃપા કરકે બતાદયો તો અચ્છા જોગન કેહે હો એસ તુમ સીખેગે તો હમેરા ક્યા લેગે બહુત અચ્છા આજ રેનકી બખતમે તુમ આ કરતાઈ આના પણ સુણના જો તેરે મનમે સજીવન વીદ્યા શીખનેકા ખરા ઇરાદા હોવે તો તું એક સવાકરોડકી ઝુલ ઓર સાડેતીનમન રતન જતના લાના કસમે હમેરે કુછભી કામ હે નાહી શીખકે તુમ પીછે લે જાના ચરીત્ર કેહે છે બહોત અચ્છા મે લેકે આવુંગા. પછી ચરીત્ર રતન ઝુલ લેઈને આવે છે ને તેની સાથે તે જોગણ સંગ કરે છે પેલાં રતન તથા ઝુલ ત્યાં રેહે છે ને ચરીત્ર ઘેરે જાય છે કે પેલી જોગણ સર્વે સમેટી પોતાને ઘેર જાય છે.

પ્રવેશ ૨ મો.

સ્થળ રાજ સભા વીક્રમની

પાત્ર.

રાજા, પ્રધાન, ચારિત્ર, રૂપકુવરી,
સભાજનો વગેરે સીપાઈઓ આદી

સુનએ કાસેદેવરે એ રાગ

રાજા આઇજ હરેક સમે તે ઉઠો ને ઘણી વાર,
કોટડી માંહીથી કાઢાડો જઈને રૂપા હુને બહાર;
પુરે દીન પણ થયા છે શુણોને સર્વે જન.
ચરીત્ર એવું શ્યું કરયુ તે જોવું મારે મન.

શીપાઈ રૂપકુવરીને બોલાવી લાવે છે તે પડદામાં હે આવીને ઉભી રહે છે. ત્યારે પ્રધાન પુછે છે.

રાગ ઉપર પ્રમાણે

શુણો બાઈ આ સમે તમને પુછે ભુપાળ.
ચરિત્ર જે આપી તણું તે દરસાવો આ ઠાર;
જ્યારે તમો બોલ્યા હુતાં બસીને મોહલ જનાબ;
તે માટે માફ કરીને તમને લાવ્યા આહીયા.
બાર વરસ વીતી ગયાં છે પુરે કોટડી માંહી;
ચરીત્ર જોવા કારણે આજે તેડાં છે આંહી-

નકરસાલ દેવ હસતાંકે કલામ એ રાગ

રૂપકુવરી-કહે છે પુરી સુજને ભાવી કેમજ સાંભળ
ચરીત્ર કહો પછી કરવું શ્યું ત્યાંર
નહીં દાસી જન કોઈ માહરી પાસ
નહીં વાત કરવાતણો વીસવાસ

નહીં કહીએ કોઈ દેખુંજ જન
નહી માન મારી આવે કોઈ દન
તથાપી વચન આપો જો મુજ હાથ
બતાવું ચરીત્ર હું સોજન સાથ

વિક્રમ-અરે વધુમારી સુણો મુજ વાણુ
દુખું તમને તોછે ઇશ્વર આણુ
(એમ કહી વચન આપેછે)

રૂ૦-સુણો રાય વાણી તો માહરી આજ
જોઇ કાજ વીપરીત કોપસ્યો આજ
પછી જો મુને છેહ દેસ્યોજ અહી
તો રાખીશોકે ન કો મુને જીહીં

રાજા-ન કોપુ કદાપી હું તાહરી સાથ
સુખે વેણુ બોલો છે સીર મારો હાથ

રૂ૦-મારી માતને જઇ તેડો રાય વાપ્ય
કુંવર લેઇ કુંવરી ત્યાં તેડેછે જાણુ

રાજા-સણુરે કાલે દેવરે એ રાગ.
જાવો જલદી જન આસમે જ્યાં રૂપ વહુકેરી માત
તેડીલાવો તેહને અહીં કુંવર લેઈ સંધાત

(સીપાઇયો તેડી લાવેછે ને કુંવર તેની માને જોઇને તેની પાસે દોડી જાયછે રાજા વીસમય પામીને સરમાય છે. કુંવર જોઇને ચરીત્ર કોપાયમાન થઇને કટાર લેઇ કહેછે રાય ઉપરનો.)

કુંવર ક્યાંથી તાહરે તું કહીદે સાચી વાણુ
નહીતર આ કટારથી હું લેઇશ તારો પ્રાણુ
લાજ ગુમાવી માહરી તેં આજ સભા મોઝાર
મારૂ તુજને આ સમે ને પછી મરફું હાર
(એમ કહીને કટાર કહાડેછે કે તેને સર્વે સમજાવેછે)

સભાજન-સુણો કુંવર સુલક્ષણુ નવ રીસ કરો આ વાર

કોણુ રીતે પ્રગટ કર્યોછે એણે જુગલ કુંમાર
પુછો એને પ્રેમથી તો મળશે સર્વે ભેદ
સાહસ કામ કીંવ થકી થાસે પસ્તાવો વેદ
કું૦—સાચુ બોલજો આ સમે હું નહીતર લેઈશ પ્રાણ
કુંવર કોના લેઈ અને તું બતાવે નીરવાણ.
રૂ૦—નકર લાજદેવ હસતરાંક કલામ એ રાગ
પુછેલો મુને થઈ ગુસ્સે આ દાન
નહીં લાજરહે સતમાનો રાજન.
નખેવો કદાપી પોતાનોજ ભાર
માટે રહયો સગાની કરીધજ સાર
ચરીત્ર—અરેમુજ સાથે ન બોલીસ વાણુ
કહીદે ખરૂં કે હું લેઈસ પ્રાણુ
રૂ૦— હેદુધ લીધુ હતું મારા રાજય
ધનધાનને લખીઆપ્યુંતું રાજ
રૂમાલ વીંટીઆપી હુંતી જે કાળ
લ્યો વસ્તુસથે આ મોટોજ બાળ
(એમ કહીને તે વચને પેલુ જખત રૂમાલ વીંટીને મોહોટા કુંવર વીક્રમને આપેછેચરીત્રનો નીચુ જોઈને સરમાઈ જાયછે.)

રૂ૦—સજીવન વીદયા તણી હતી હાથ
લેઈ મુલ રતનને આવ્યા તે ઠામ
લધુ તન તઈ સમે મારા નાથ
લ્યો માલને ધન તનની સંઘાત
હવે કામ કરજો વળી કોઈ દીન
કોઈ રાજ પડસો પરાયે આધીન
સુણો સર્વે સભાતણા આજ જન
ટરે નારી કામ જે ધારે તે મન

(સર્વે જનો મળીને ગાયછે)

કૃપારામજીને સર્વે સોંપ્યાં સજન
આ ચરીત્રનો કર્યો ખેલ આદન
ગુણીજન મનમાં લહે ગુણસાર
પડે મેળ માંહે જે હોયે ગુમાર
(એમ કહીને સર્વે જાયછે ને નાટક પુરૂ થાયછે

समाप्त

झाहेरखबर

અમારે ત્યાં ઘણી જાતનાં પુસ્તકો એટલે ૬૫૬ ફેંસ
બા વારતાઓ તથા ઘણી જાતનાં ગાયન રૂપી નાટકો,
ખઈ તથા અમદાવાદમાં છપેલાં પુસ્તકો મળશે આ સિ
વાય નિચે લખેલે ઠેકાણેથી મળશે.

વીરમગામ—મુ જોશી નરશીમુળજી તથા મુળશંકર લલ્લુ

વઢવાણ—મુ. પ્રાણશંકર રામજી તા. રાગા નાનજી.

લીંબડી—ગાંધી પુરશોતમ કાનજી સુબોધપ્રકાશના કર્તા
તથા માંડવજી મુળજી.

મેંગણી—મુ. કપુરચંદ ભગાન તથા જટાશંકર ડોરજી

ભાવનગર—મુ. અબદુલહુસન અહંમજી.

રાજકોટ—મુ. લખમીચંદ ઊત્તમચંદ.

મુંબાઈ—મુ. અમરતલાલ કાળીદાસ તથા ભાગકાબ અ-
દમજી.

જામનગર—મુ વલભ ધાજી

મુ. મહાદેવ રામચંદ્ર.

ઠે. અમદાવાદ ત્રણદરવાજા પાસે હોજની સામે